- Received on : 05-03-2026
Registered on : 05-03-2026
Decided on : 12-03-2026
Duration : Y M D
- - 08


**જૂનાગઢના મે. છઠ્ઠા એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,**
**મુ. જુનાગઢ.**
**<u>ફોજદારી પરચુ.અરજી નં.૧૭૧/૨૦૨૬.</u>**
<u>આંક–</u>

**<u>અરજદાર</u>.** સંજયભાઈ ભુપતભાઈ કાળાભાઈ એરડા,
ઉ.વ.આ.૨૧, ધંધો–ડ્રાઈવીંગ,
રહે. દોલતપરા, કેદારધામ સોસાયટી,
નં.૫,જુનાગઢ.
હાલે.જીલ્લા જેલ જુનાગઢ.

**<u>–:: વિરૂધ્ધ ::–</u>**

**<u>સામાવાળા.</u>** શ્રી સરકાર,
સમન્સ થ્રુ : સરકારી વકીલશ્રી,
જૂનાગઢ.

**વિષય :–** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૪૮૩ હેઠળ રેગ્યુલર જામીન અરજી.
**ગુન્હો :–** બી.એન.એસ.ની કલમ ૧૩૬(૨), ૮૭, ૬૪(૨)(એમ) તથા પોકસો એકટ ૬ મુજબ
**સંદર્ભ :–** જુનાગઢ બી.ડી.વી. પોલીસ સ્ટેશન ગુન્હા રજી.નં. ૧૧૨૦૩૦૨૪૨૫૦૦૬૧/૨૦૨૬

---

અરજદાર/આરોપી તરફે : વિ.વકીલશ્રી વાય.એમ.ઠાકોર
સામાવાળા શ્રી સરકાર તરફે : વિ.પી.પી.શ્રી એન.કે.પુરોહીત

---

**<u>–: ઠ રા વ :–</u>**

(૧) હાલની અરજી અરજદાર/આરોપીએ જુનાગઢ બી.ડી.વી. પોલીસ સ્ટેશન ગુન્હા રજી.નં. ૧૧૨૦૩૦૨૪૨૫૦૦૬૧/૨૦૨૬, બી.એન.એસ.ની

કલમ ૧૩૬(૨), ૮૭, ૬૪(૨)(એમ) તથા પોકસો એકટ ૬ મુજબના ગુનાના કામે જયુડીશ્યલ કસ્ટડીમાં હોય, જામીન ઉપર મુકત થવા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૪૮૩ અન્વયે આ રેગ્યુલર જામીન અરજી દાખલ કરેલ છે.

(૨) અરજદાર/આરોપીની અરજી સંબંધે શ્રી સરકારશ્રીને નોટીશ કરતા સરકાર તરફે વિ.સરકારી વકીલશ્રી એન.કે.પુરોહીતનાઓ હાજર થયેલ છે અને આંક–૦૫ થી તપાસ કરનાર અમલદાર જે.જે.પટેલ, પોલીસ ઈન્સ્પેકટર, બી.ડીવી. પોલીસ સ્ટેશન જુનાગઢનાઓનું સોગંદનામું રજુ રાખેલ છે.

(૩) આ કામે અરજદાર/આરોપી તરફે વિ.વકીલશ્રી વાય.એમ.ઠાકોરનાઓએ જામીન અરજી મુજબની રજુઆત કરી જણાવેલ છે કે, જુનાગઢ બી.ડી.વી. પોલીસ સ્ટેશન ગુન્હા રજી.નં. ૧૧૨૦૩૦૨૪૨૫૦૦૬૧/૨૦૨૬, બી.એન.એસ.ની કલમ ૧૩૬(૨), ૮૭, ૬૪(૨)(એમ) તથા પોકસો એકટ ૬ મુજબના ગુનાની ફરીયાદ નોંધવામાં આવેલ છે. વધુમાં આ કામેના અરજદાર/આરોપીની તા.૨૮/૦૨/૨૦૨૬ ના।। રોજ અટક કરવામાં આવેલ ત્યારથી જયુડી.કસ્ટડીમાં રહેલ છે. આ કામે ભોગબનનારની ઉંમર ૧૭ વર્ષ અને ૧૧ મહીના રહેલ છે. વધુમાં જયારે આરોપી તથા ભોગબનનાર પકડાયેલ ત્યારે ભોગબનનારની ઉંમર ૧૮ વર્ષ પુરી થઈ ગયેલના ૨ દિવસ હતા. હાલના કામના અરજદાર/આરોપી કોઈ ગુનાહિત ઈતિહાસ ધરાવતા નથી. વધુમાં ભોગબનનારની ઉંમર ઘ્યાને લેતા આ કામના અરજદાર/આરોપીએ કોઈ બળજબરી કરેલ હોય તેવું બનેલ નથી. વધુમાં ભોગબનનાર અને અરજદાર/આરોપી વચ્ચે પ્રેમ સંબંધ રહેલ છે. હાલના કામે ભોગબનનારનું બી.એન.એસ.એસ.ની કલમ ૧૮૩ મુજબ નિવેદન નોંધવામાં આવેલ છે. વધુમાં આ કામે સમગ્ર તપાસ ઘ્યાને લેતા હાલના કામના અરજદાર/આરોપીને જયુડી.કસ્ટડીમાં રાખવાનું યોગ્ય જણાતું નથી. વધુમાં ભોગબનનારની ઉંમર ઘ્યાને લેતા અરજદાર/આરોપીએ તેની સાથે કોઈ બળજબરી

કરેલ હોય કે જાતીય સતામણી કરેલ હોય તેવું બનેલ નથી. વધુમાં હાલના કામના અરજદાર/આરોપીની ઉંમર ૨૧ વર્ષ રહેલ છે, જુનાગઢના સ્થાનીક રહેવાસી છે, કોઈ જગ્યાએ નાસી કે ભાગી જાય તેમ નથી. જેથી યોગ્ય શરતોને આધીન જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

(૪) જયારે સામાવાળા તરફે વિ.એ.પી.પી.શ્રી એન.કે.પુરોહીતનાઓએ જામીન અરજી લગત વાંધો હોવાની રજુઆત કરેલ છે કે, આ કામે ગુનાની તપાસ ચાલુ છે. વધુમાં અરજદાર/આરોપી દિલ્હી ખાતેથી પકડાયેલ છે. વધુમાં અરજદાર/આરોપી ભોગબનનારને અલગ અલગ કુલ–૨૩ જગ્યાએ લઈ ગયેલ છે. આમ, હાલના કામના ગુનાની તપાસ ચાલુ હોય જેથી જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૫) આ કામે ભોગબનનાર હાજર રહેતા તેઓએ અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવે તો વાંધો ન હોવાની હકીકત જણાવેલ છે.

(૬) બંને પક્ષોની રજુઆત, રેકર્ડ તથા તપાસ કરનાર અધિકારી જે.જે.પટેલ, પોલીસ ઈન્સ્પેકટર, બી.ડીવીઝન પોલીસ સ્ટેશન જુનાગઢનાઓનું આંક–૦૫ નું સોગંદનામું વંચાણે લીધું. આ કામે ફરીયાદપક્ષના કેસની હકીકત જોવામાં આવે તો, આ કામના શકદાર સંજય ભુપતભાઈ એરડા, રહે.દોલતપરા, જુનાગઢવાળો ફરીયાદીની સગીર વયની દીકરી ડો/ઓ સલીમભાઈ મહમદભાઈ હીંગોરા, ગામેતી ઉ.વ.૧૭ વર્ષ ૧૧ માસ જેમની જન્મ તારીખ ૨૬/૦૨/૨૦૦૮ રહે.જુનાગઢ ચોબારી રોડ યોગેશ્વર નગર ચાંદ ટાવર એપા.બ્લોક ૩૦૩ વાળીનું લગ્ન કરવાના ઈરાદે ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી લઈ જઈ ગુન્હો કરેલાનો આક્ષેપ રહેલો છે.

(૭) આ કામનું રેકર્ડ ધ્યાને લેવામાં આવે તો, ગુનાની તપાસ નાજુક તબકકામાં છે. વધુમાં હાલના કામના અરજદાર/આરોપી ગુનામાં સડોવાયેલ હોવાની હકીકત ફલીત થાય છે. વધુમાં આ કામનો આક્ષેપીત ગુનો ધ્યાને લેતા ગંભીર પ્રકારનો રહેલ છે. આમ, હાલના કામના ગુનાની તપાસ નાજુક તબકકામાં રહેલ છે. તેમજ આરોપીને જામીન ઉપર

મુકત કરવામાં આવશે તો ફરીયાદપક્ષના પુરાવા સાથે છેડછાડ થઈ શકે તેવી ફરીયાદપક્ષની રજુઆતમાં વજુદ જણાય છે. આમ, હાલના કામના ગુનાની ગંભીરતા, આક્ષેપીત ગુનો તથા રેકર્ડ ઘ્યાને લેતા હાલના કામના અરજદાર/આરોપીને જામીન મુકત કરવાનું ન્યાયી જણાતું ન હોય ઉપરોકત ચર્ચા મુજબ હાલના કામેના અરજદાર /આરોપીની જામીન અરજી નામંજુર કરવાના નિર્ણય ઉપર આવી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>-:હુકમ:-</u>**

- હાલના અરજદાર/આરોપી સંજયભાઈ ભુપતભાઈ કાળાભાઈ એરડા, રહે. દોલતપરા, કેદારધામ સોસાયટી, નં.૫, જુનાગઢવાળાની જુનાગઢ બી.ડી.વી. પોલીસ સ્ટેશન ગુન્હા રજી.નં. ૧૧૨૦૩૦૨૪૨૫૦૦૬૧/૨૦૨૬, બી.એન.એસ.ની કલમ ૧૩૬(૨), ૮૭, ૬૪(૨)(એમ) તથા પોકસો એકટ ૬ મુજબના ગુનાના કામની ભારતીય નાગરીક સુરક્ષા સહિતાની કલમ-૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન ઉપર મુકત કરવાની હાલની અરજી આથી ''નામંજુર'' કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૨/૦૩/૨૦૨૬
જુનાગઢ.

**(અમિત રમેશભાઈ રાણા)**
છઠ્ઠા એડીશનલ સેશન્સ જજ,
જુનાગઢ
(કોડ નં.જીજે.૦૦૯૬૫)